# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-03-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## સેમીકનેક્ટ કોન્ફરન્સ :

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગનો ત્રિવેણી સંગમ ભારતના વિકાસના આગામી તબક્કાને આગળ ધપાવવા સજ્જ છે.આજે ગાંધીનગરમાં ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ 2026 ના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી વૈષ્ણવે સેમિકોન વન ની સફળતા પર પ્રકાશ પાડતા કહ્યું કે ભારત અગાઉથી જ દસ ઉત્પાદન પ્લાન્ટ સુરક્ષિત કરી ચૂક્યું છે.

આ કાર્યક્રમમાં સંબોધન કરતા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રે મક્કમતાથી આગળ વધી રહ્યું છે, જેમાં ગુજરાત પોતાની નીતિગત સ્થિરતા, પારદર્શિતા અને 'ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ' દ્વારા વૈશ્વિક રોકાણકારો માટે મનપસંદ સ્થળ સાબિત થયું છે.

-----------------------------------------------------------------------------------

## સ્વદેશી મેળા માંડવી :

રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તેમજ ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન ના માર્ગદર્શન હેઠળ માંડવી નગરપાલિકા દ્વારા માંડવી શહેરમાં 10 દિવસીય ‘સ્વદેશી મેળા’ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું આ મેળો આગમી 09 માર્ચ સુધી દરરોજ સવારે 10:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી ટાગોર રંગભવન ખાતે યોજાશે.

અત્રે ઉલેખનીય છે કે રાજ્ય સરકારની “શહેરી વિકાસ વર્ષ” ઉજવણીને જનભાગીદારીનું બળ મળે, ‘લોકલ ફોર વોકલ’ની ભાવનાને વેગ મેળવા,સ્થાનિક ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર સાથે વેચાણમાં વધારો કરવા તથા પ્રધાનમંત્રીની “Make in India” અને ‘આત્મનિર્ભર ભારત’ જેવી પહેલને અનુરૂપ સ્થાનિક કારીગરો તથા ઉત્પાદકોને મંચ આપવા માટે આ મેળાનું

આયોજન કરાયું છે. મેળામાં સ્વસહાય જૂથો, સ્થાનિક કારીગરો, નાના ઉત્પાદકો, કળાસર્જકો, નાના ઉદ્યોગકારો, હસ્તકલા નિર્માતાઓ અને વિવિધ સ્વદેશી સેવાઓ પ્રદાન કરતા વ્યાવસાયિકોને ભાગ લઇ રહયા છે.

માંડવી નગરપાલિકાના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન વિભાગે શહેરના નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી વસ્તુઓની ખરીદી દ્વારા સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા અનુરોધ કર્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## 'સુજલામ સુફલામ જળ અભિયાન':

વર્ષ 2026 માટે 'સુજલામ સુફલામ જળ અભિયાન' હેઠળ સરકાર દ્વારા 'જળ સંચય જન ભાગીદારી–2.0' અંતર્ગત તા.23 ફેબ્રુઆરીથી તા.31 મે સુધીમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં જળસંચયના કામો હાથ ધરવા ઠરાવ કરવામાં આવી રહયા છે. જે અંતર્ગત દરેક જિલ્લામાં કલેક્ટર દ્વારા કામોની અંતિમ યાદી તૈયાર કરી વહીવટી મંજૂરી મેળવાશે અને જીલ્લામાં તાલુકાદીઠ મહત્તમ દસ તળાવો લોકભાગીદારીથી ઊંડા કરવા સમાવેશ કરાશે. આ યોજના અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં બે વાર ઊંડા કરાયેલા તળાવોનો સમાવેશ નહીં થાય. 100 ટકા લોકભાગીદારીથી થનારી કામગીરી અંગે જિલ્લા અમલીકરણ સમિતિ નિર્ણય લેશે.આ અભિયાનથી જળસંચય ક્ષમતા વધારવા સાથે લાંબા ગાળે પાણી સુરક્ષા મજબૂત બનશે

---------------------------------------------------------------------------------------------------

## ગ્લોબલ ગુજરાતી અવાર્ડ :

આગામી 7 અને 8 માર્ચે યોજાનારા ગ્લોબલ ગુજરાતી અવાર્ડ સમારોહમાં કચ્છની છ પ્રતિભાનું વિશેષ બહુમાન કરાશે. ગ્લોબલ ગુજરાતી એવોર્ડસ અંતર્ગત કલા, સંસ્કૃતિ, ક્રિએટર્સ, ફિલ્મ અને સંગીત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારાઓને 40થી વધુ કેટેગરીમાં સન્માનિત કરવામાં આવશે. જીલ્લાના વિવિધ સામાજિક ક્ષેત્રે વિશેષ કાર્ય કરનાર અને કલાઓનું જતન કરનારા શ્રેષ્ઠિઓનું સન્માન કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## યુનિસેફનાં પ્રતિનિધિ મંડળની નિરોણા ગામની મુલાકાત :

આફ્રિકાના કેન્યાથી યુનિસેફનાં પ્રતિનિધિ મંડળે નિરોણા ગામની બાલિકા પંચાયત તેમજ ગામ હાટની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ભૂજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની ટીમ જોડાઈ હતી.

નિરોણા ગામમાં ગામ હાટમાં સ્થાનિક હસ્તકલા, પરંપરાગત કળાઓ અને મહિલાઓના આત્મનિર્ભર પ્રયાસોના પ્રદર્શનને નિહાળીને યુનિસેફની ટીમે આનંદ લાગણી વ્યકત કરી હતી. ગ્રામ્ય સ્તરે બાલિકાઓ અને મહિલાઓના સશક્તિકરણ માટે ચાલતી પહેલોને ટીમે પ્રશંસાપાત્ર ગણાવી હતી.

---

## હોળી:

આવતીકાલે હોળીનાં તહેવારને અનુલક્ષીને ભુજની બજારમાં ધાણી, દાળિયા, ખજુર, હારડા, પતાસા સહિતની વસ્તુઓનું વેચાણ વધ્યું છે, પરિણામે સવારે અને સાંજના સમયે બજારમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. ઉપરાંત હોળી-ધુળેટી નિમિત્તે રંગ-પિચકારી સહીત વિવિધ વસ્તુઓની ખરીદીમાં ઉછાળો જોવા મળ્યો છે.

---

## નેત્રનિદાન કેમ્પ:

ભુજ લોહાણા મહાજનના સહકારથી લાયન્સ હોસ્પિટલ ભુજ દ્વારા વિનામૂલ્યે નેત્રમણિ તથા નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તબીબોની ટીમ દ્વારા 16 દર્દીની આંખોની તપાસ કરવામાં આવી હતી . તેમાંથી ત્રણ જરૂરિયાતમંદ દર્દીનાં વિનામૂલ્યે નેત્રમણિ બેસાડવાનાં ઓપરેશન કરાયાં હતાં. દર્દીઓને જરૂરી દવાઓનું પણ નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## ક્રિકેટ:

ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ભારત સુપર એઈટમાં પોતાનો છેલ્લો મુકાબલો વેસ્ટ ઈન્ડિઝ સામે કોલકાતામાં રમશે. ઈડન ગાર્ડન્સ ખાતે સાંજે ૭ વાગ્યે આ મેચ શરૂ થશે. આ મેચનું પરિણામ ટુર્નામેન્ટમાં ભારતનું ભાગ્ય નક્કી કરશે.

વિશ્વ કપની સેમિફાઇનલ ૪ અને ૫ માર્ચે યોજાવાની છે, જ્યારે ફાઇનલ 8 માર્ચે રમાશે.

---